INFI-AR/1

**શ્રી**

**બાનાખત**

આજ તારીખ    /    /૨૦૧૭ને          વારના રોજ તમો બાનાખત **લખી લેનાર :**

...

રહે.

(જેમને હવે પછી આ બાનાખતમાં **''તમો''** અથવા **''બાનાખત લખી લેનાર''** અથવા **''એકપક્ષવાળા''** એ રીતે સંબોધવામાં આવેલા છે. સદર સંબોધનનાં અર્થમાં લખી લેનાર તથા તેઓના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે)

જોગ, અમો બાનાખત **લખી આપનાર :**

**ઈન્ફીનીટી આર્કેડ PAN-AAGFI 0275 D** નામની ભાગીદારી પેઢી

જેની ઓફીસ ૯, તુલસી ગ્રીન્સ, માણેજા, વડોદરા મુકામે આવેલ છે.

૧. જલ્પન જશભાઇ પટેલ, ઉ.વ.આ. ૩૦, ધંધો વેપાર,
રહે. ૧૦૮, રઘુકુળ એપાર્ટમેન્ટ, માંજલપુર, વડોદરા.

૨. કલ્પેશકુમાર ભાઇલાલભાઇ પટેલ, ઉ.વ.આ. ૩૯, ધંધો વેપાર
રહે. ૧૦૭, રઘુકુળ એપાર્ટમેન્ટ, માંજલપુર, વડોદરા.

૩. ઘનશ્યામભાઇ પી. પટેલ, ઉ.વ.આ. ૪૯, ધંધો વેપાર
રહે. વાણીયા ખડકી, પોર, વડોદરા.

૪. હેમંત અશોકભાઇ પટેલ, ઉ.વ.આ. ૩૯, ધંધો વેપાર
રહે. સી–૪૦૧, સ્કાય લાઇન એપાર્ટમેન્ટ, અટલાદરા, વડોદરા.

૫. સુરજ ભરત શેઠ, ઉ.વ.આ. ૪૫, ધંધો વેપાર
રહે. ૧૦, સરસ્વતી સોસાયટી, વાસણા રોડ, વડોદરા.

૬. રોશન એન. તળેકર, ઉ.વ.આ. ૪૮, ધંધો વેપાર
રહે. ૩૭, શાકુંતલ પાર્ક સોસાયટી, માંજલપુર, વડોદરા.

(જેમને હવે પછી આ બાનાખતમાં **''અમો''** અથવા **''બાનાખત લખી આપનાર''** અથવા **''બીજાપક્ષવાળા''** એ રીતે સંબોધવામાં આવેલ છે, સદર સંબોધનનાં અર્થમાં બાનાખત લખી આપનાર તથા તેઓના વંશ, વાલી, વારસો, એટર્ની ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે)

જત, અમો બાનાખત લખી આપનાર તમો બાનાખત લખી લેનારને આ **બાનાખત** લખી આપીએ છીએ કે,

(૧) અમોએ તમોને નીચે પરિશિષ્ટ જણાવેલી મિલ્કત ₹ ................../- (શબ્દમાં રૂપિયા ......................................................................) પુરામાં વેચાણ આપવાનું આજરોજ નક્કી કર્યું છે અને તેના બાના પેટે તમોએ અમોને ₹ ................../- (શબ્દમાં રૂપિયા ......................................................) પુરા આપ્યા છે, અને તે અમોને પહોંચ્યા છે. અને બાકી રૂપિયા આપણા વચ્ચે નક્કી થયા પ્રમાણે નીચેની વિગતે તમારે અમોને આપવાના છે.

| | |
|---|---|
| ₹ | પ્લીન્થ ચેકીંગ વખતે |
| ₹ | સ્લેબ વખતે |
| ₹ | ચણતર વખતે |
| ₹ | પ્લાસ્ટર વખતે |
| ₹ | પ્લમ્બીંગ વખતે |
| ₹ | દસ્તાવેજનાં ૭ દિવસ અગાઉ |

-------------

₹

-------------

(૨) આ બાનાખત તથા દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી લખાઇ ફી વગેરે તમામ ખર્ચ તમો બાનાખત લખી લેનારે ભોગવવાનો છે.

(૩) આ બાનાખતમાં જણાવેલી મિલકતનો કબજો તમોને વેચાણ દસ્તાવેજ વખતે સોપીશું.

(૪) આ બાનાખતમાં જણાવેલી મિલકત અમારી માલિકી કબજા ભોગવટાની છે. અને તેમાં અમારા સીવાય બીજા કોઇનો કોઇ પણ જાતનો ભાગ, લાગ, હીત, સંબંધ નથી. તથા કોઇની જપ્તીમાં નથી. તથા કોઇની જામીનગીરીમાં લખી આપી નથી. તથા આ મિલકતના ટાઇટલ ચોખ્ખાં અને માર્કેટેબલ છે. તથા આ મિલકત ઉપર કોઇનો ભરણપોષણનો બોજો નથી તથા કોઇ દિવાની કોર્ટની જપ્તીમાં નથી કે અવલ-જપ્તીમાં નથી તથા કોઇને ગીરો, વેચાણ, બક્ષિસ આપી નથી તથા કોઇએ વળતરમાં લીધી નથી તથા કોઇને બાનાખતથી કે બીજી કોઇ પણ રીતે લખી આપી નથી. તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને તમોને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમછતાં કોઇ હક્ક, દાવો કરતું આવશે તો તેવી તમામ હરકતો અમો તમોને અમારા ખર્ચે દુર કરી આપીશું.

(૫) આ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવાની મુદત આજથી .......... માસની નક્કી કરવામાં આવી છે. તેથી તે મુદતે અગર તે પહેલા તમો જયારે બાકીના રૂપિયા આપશો ત્યારે અમો તમોને વેચાણનો દસ્તાવેજ કરી આપીશું.

(૬) તેમજ ઉપર જણાવેલ મુદતમાં તમો બાકીના રૂપિયા આપીને વેચાણ દસ્તાવેજ કરાવી લેવા આવો તેમ છતાં જો અમો તમોને વેચાણનો દસ્તાવેજ ના કરી આપીએ તો આ બાનાખતના આધારે કોર્ટ રાહે વેચાણનો દસ્તાવેજ કરાવી લેવાનો તમોને હક્ક છે. તેમાં તમોને જે કોઇ ખર્ચ અગર નુકશાન થશે તેની સર્વે જવાબદારી અમારી છે.

(૭) ઉપર જણાવેલી મુદતમાં તમો બાકીના રૂપિયા ના આપો અને વેચાણ દસ્તાવેજ ના કરાવી લો તો આ બાનાખતમાં આપેલી બાનાની રકમ તમોને પાછી મળશે નહી. અને તે ફોરફીટ થશે અને બાનાખત રદબાતલ થયેલ ગણાશે.

(૮) આ બાનાખતમાં જણાવેલી મિલકતના વેરા વેચાણ દસ્તાવેજ થયેથી તમારે ભરવાના છે તે પહેલાના અમારે ભરવાના છે.

## પરિશિષ્ટ
## વેચાણ આપવાની મિલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-ડીસ્ટ્રીકટ વડોદરા (વિભાગ-૧)માં શહેર વડોદરામાં વધારાનો વિસ્તાર, શહેર વડોદરામાં બરોડા ડેરીથી પ્રતાપનગર બ્રીજ તરફ જવાના રસ્તા પર આવેલ મોજે ગામ **વડોદરા કસ્બા**ના રે.સ.નં. ૩૫૨, ૩૩૪/૨, સીટી સર્વે નંબર **૨૨૭૫** જેનું ક્ષેત્રફળ ૯૨-૦૬-૭૨ ચોરસ મીટર, સીટી સર્વે નંબર **૨૨૭૬** જેનું ક્ષેત્રફળ ૭૨૧-૫૨-૦૮ ચોરસ મીટર, સીટી સર્વે નંબર **૨૨૭૭** જેનું ક્ષેત્રફળ ૧૮૮-૮૭-૨૪ ચોરસ મીટર, સીટી સર્વે નંબર **૨૨૭૮** જેનું ક્ષેત્રફળ ૪૩-૪૭-૮૭ ચોરસ મીટર, સીટી સર્વે નંબર **૨૨૭૯** જેનું ક્ષેત્રફળ ૨૨૫૫-૬૯-૨૯ ચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ ૩૩૦૧-૬૩-૨૦ ચોરસ મીટર છે. તેમાં વડોદરા મહાનગર પાલિકાની રજાચીઠ્ઠી નંબર ૧૮૦/૨૦૧૬-૨૦૧૭ તા. ૨૫.૧૧.૨૦૧૬થી મેળવીને **"ઇન્ફીનીટી આર્કેડ"** મુકેલ છે તે પૈકી ................ ફલોરની **દુકાન/ઓફીસ** નંબર ...... આવેલ છે. તેનું માપ ............. ચોરસ ફુટ/ચોરસ મીટર કાર્પેટ છે. સદર મીલ્કતની ચર્તૂઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરના વર્ણનવાળી મિલકત વેચાણ આપવાની છે.

આ બાનાખત અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઇ, મનના સાવધપણામાં, કોઇપણ જાતના દાબ-દબાણ કે ધાકધમકી વગર, અમારી અક્કલ હોંશીયારીથી, શરીરની સાવધ અવસ્થામાં, બિનકેફ હાલતમાં લખી આપેલ છે, જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકારક છે અને રહેશે. જે બદલ

અમારી સહી સાક્ષી રૂબરૂમાં કરી આપેલ છે.

સહી
<u>લખી આપનાર</u>

**ઈન્ફીનીટી આર્કેડ** નામની ભાગીદારી

પેઢીના વતી

૧.------------------
જલ્પન જશભાઇ પટેલ

૨.------------------
કલ્પેશકુમાર ભાઈલાલભાઇ પટેલ

૩.------------------
ધનશ્યામભાઇ પી. પટેલ

૪.------------------
હેમંત અશોકભાઇ પટેલ

૫.------------------
સુરજ ભરત શેઠ

૬.------------------
રોશન એન. તળેકર

સાક્ષી

૧ ..........................

૨. ..........................